# ખેડબ્રહ્મા એસટી ડેપોની બદતર પરિસ્થિતિથી મુસાફરોમાં ભારે રોષ

## વોટરકુલર-પંખા બંધ હાલતમાં : વર્ષ-૨૦૧૧નું સમયપત્રક બદલાયું નથી : રખડતા ઢોરોનો અડ્ડો : ઠેર ઠેર ગંદકીના ઢગ

ખેડબ્રહ્મા, તા. ૧૧

છેલ્લા ઘણા સમયથી ખેડબ્રહ્મા એસટી ડેપોની હાલત બદતર થઈ જવા પામી છે. ડેપો પર વર્ષોથી સમયપત્રક બદલવામાં આવ્યું નથી. ઠેર ઠેર ગંદકીના થર જામ્યા છે. વોટરકુલર કામ કરતુ નથી જેથી એટલે સુધી કે ડેપોના કંપાઉન્ડમાં દારૂની ખાલી બોટલો સુદ્ધા પડેલી જોવા મળે છે. ઠંડા પાણી માટેનું કુલર બંધ હાલતમાં છે જેના કારણે મુસાફરોને પાણીના પાઉચ અને બોટલો ખરીદવી પડી રહી છે.

ડેપો કંપાઉન્ડમાં રખડતાં ઢોરોનો પણ ખૂબ ત્રાસ



મુસાફરોને ગરમીમાં ગરમ પાણી પીવું પડે છે અને ડેપો કંપાઉન્ડમાં રખડતા ઢોરો છાશવારે તોફાન મચાવી મુસાફરોને ધક્કે ચઢાવે છે.

વર્ષ-૨૦૧૧થી જેનું સમય પત્રક બદલાયું નથી તેવી અત્યંત બદતર હાલતમાં ખેડબ્રહ્મા એસટી ડેપો આવી ગયો છે. જેના કારણે મુસાફરોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ભર ઉનાળે ડેપોના પંખા બંધ હાલતમાં છે. ઠેર ઠેર ગંદકીના ઢગ જોવા મળી રહ્યા છે, વર્તાઈ રહ્યો છે, છાશવારે અંદરોઅંદર બાખડતાં આ ઢોરોથી અનેકવાર મુસાફરો ધક્કે ચઢી નાની-મોટી ઈજાનો ભોગ બન્યા છે. ડેપો મેનેજરને આ બાબતે વાત કરતાં ડેપોમાં વોચમેન ના હોવાી આ પરિસ્થિતિ સર્જાય છે. તેવી લાચારી વ્યક્ત કરી હતી. યોગ્ય મેનેજમેન્ટ અને તંત્રની ઉપેક્ષાને કારણે પરેશાની ભોગવતા મુસાફરો અને સ્થાનિક રહીશોમાં એસટી તંત્ર પ્રત્યે રોષની લાગણી ફેલાવા પામી છે.

# અરવલ્લી જિલ્લામાં સ્વાઈન ફ્લુની ધીમા પગલે ઘરવાપસી

## જિલ્લામાં સ્વાઈન ફ્લુનો કેસ મળી આવતા આરોગ્ય વિભાગ સતર્ક

મોડાસા, તા. ૧૧

અરવલ્લી જિલ્લામાં સ્વાઈનફ્લુએ હાહાકાર મચાવ્યો હતો. જિલ્લામાં સ્વાઈન ફ્લુએ ૧૦ કરતાં વધારે લોકોનો ભોગ લીધો હતો. પરંતુ છેલ્લા ૨૦ દિવસથી સ્વાઈન ફ્લુનો એક પણ કેસ ન નોંધાતા પ્રજાજનો અને આરોગ્ય વિભાગે રાહતનો શ્વાસ લીધો હતો. પરંતુ ગુરૂવારે ભીલોડા તાલુકાના વાસેરા કંપાના એક યુવાનને સ્વાઈન ફ્લુ હોવાનું બહાર આવતાં જિલ્લાના પ્રજાજનોમાં ફફડાટ ફેલાયો છે. જિલ્લા આરોગ્ય વિભાગે વાસેરાકંપામાં ધામા નાખી સ્વાઈન ફ્લુને ડામવા તજવીજ હાથ ધરી છે.

ભીલોડા તાલુકાના વાસેરા કંપાના ૩૪ વર્ષના યુવાનને વાઈરલ ઈન્ફેકશનના લક્ષણો જણાતાં પ્રાથમિક સારવાર લેવા છતાં તબીયત લથડવા લાગતાં ખાનગી હોસ્પિટલમાં સારવાર લીધી હતી. જ્યાં તબીબને યુવાનના લક્ષણો સ્વાઈન ફ્લુ જેવા લાગતાં તાત્કાલિક અમદાવાદ સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં અમદાવાદના તબીબોએ લેબોરેટરીમાં પરીક્ષણ કરાવતા યુવાનનો સ્વાઈન ફ્લુનો ટેસ્ટ પોઝીટીવ આવતાં વાસેરા કંપામાં ફફડાટ ફેલાયો હતો. જિલ્લામાં ૨૦ દિવસ વિરામ લીધા બાદ ફરીથી સ્વાઈન ફ્લુનો કેસ મળી આવતાં જિલ્લા આરોગ્ય તંત્ર હરકતમાં આવી ગયું છે. અને વાસેરાકંપામાં આરોગ્ય વિભાગના કર્મચારીઓની ટીમ ઉતારી શરદી, ખાંસી જેવા લક્ષણો ધરાવતા વ્યક્તિઓને શોધી કાઢી યોગ્ય સારવાર માટે પગલા ભરવાની સાથે યુવકના પરિવારજનોની તપાસ હાથ ધરી હતી. વાસેરાકંપાના યુવાનની હાલ અમદાવાદની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

## ગાંધીનગરથી ગુમ થયેલ પાલનપુરનો યુવાન અમદાવાદથી મળી આવ્યો

પાલનપુરનો મયુર આહુજા જે ગત તા. ૬-૪-૧૫ થી ગાંધીનગરથી પાલનપુર આવવા નીકળ્યો હતો તેનો સંપર્ક ૩ દિવસ ના થતાં તેના પિતાએ સેક્ટર-૭ પો. સ્ટે.ને ફરિયાદ આપેલ. આ મયુર આહુજાએ તા. ૯-૪-૧૫ની રાત્રે ૯.૩૦ વાગ્યા આસપાસ ફોન કરી જાણ કરેલ કે તે અમદાવાદ ગીતા મંદિર એસટી. ડેપોમાં છે. આમ તે સહિ સલામત મળી આવતા તેના પરિવારજનોએ રાહતનો દમ લીધો છે.

## પાલનપુર નજીક ચિત્રાસણી નજીકથી અજાણ્યા પુરૂષનો મૃતદેહ મળ્યો

પાલનપુર નજીક આવેલ ચિત્રાસણી રેલવે લાઈન નજીક આજે એક અજાણ્યા પુરૂષનો મૃતદેહ મળી આવ્યો હતો. જે અંગે રેલવે પોલીસ (જી.આર.પી.)એ પી.એમ. અર્થે સિવિલ હોસ્પિટલ પાલનપુર ખાતે મોકલી વધુ તપાસ હાથ ધરી છે.

# ભિલોડા ભારતીય કિસાન સંઘે નાયબ મામલતદારને આવેદનપત્ર આપ્યુ

ભિલોડા,તા.૧૧

અરવલ્લી જીલ્લાના ભિલોડા ભારતીય કિસાન સંઘ ધ્વારા ખેડુતોના સંબોધીને ખેડુતોએ જણાવ્યું હતું કે કિસાનો માટે ૧૦૮ જેવી કિસાન હેલ્પ લાઈન સેવાનો શુભારંભ કરવા તેવી ખેડુતોની માંગણી છે.

સીમવિસ્તારોમાં પાકના ભેરાણ અંગે એક્શન પ્લાન બનાવવા ખેડુતોને



પ્રાણ પ્રશ્નો અને સમસ્યાઓ હલ કરવા બાબતે ભિલોડા નાયબ મામલતદારને આવેદનપત્ર અપાયુ હતું.ભિલોડા ભારતીય કિસાન સંઘ પ્રમુખ શામળભાઈ પટેલ, જીવાભાઈ લટા તેમજ જાગૃત ખેડુતોના જણાવ્યા મુજબ કૃષિ પ્રધાન ભારત દેશમાં ખેડુતોની હાલત અત્યંત દયનીય છે.

ખેડુતો અનેક સમસ્યાઓ વચ્ચે ખેતી કરી પોતાનું ગુજરાન ચલાવતા હોય છે. ભુમિ અધિગ્રહણ કાયદાનો ભારત દેશમાં ઠેર-ઠેર વિરોધ પ્રદર્શન કાર્યક્રમો થઈ રહ્યા છે. ખેડુતોના પડતર પ્રાણ પ્રશ્નો સત્વરે હલ કરવા લોકમાંગણી છે. ભારત દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને માંગણી છે.ખેડુતોના વર્ષો જુના પ્રાણ પ્રશ્નો સત્વરે હલ કરવા જોઈએ તેવી ખેડુતોની લાગણી અને માંગણી છે.જાગૃત ખેડુતોએ જણાવ્યું હતું કે ભુમિ અધિગ્રહણના કાયદા અંગે આવેદનપત્રમાં જણાવ્યું હતું કે કિસાનોની સહમતીથી તેમની જમીનો લીઝ ઉપર લેવી જોઈએ, ખેડુતોને ભાગીદાર બનાવવા જોઈએ, ખેડુતોને શેર હોલ્ડર બનાવવા જોઈએ અને જમીન અધિગ્રહણમાં પ્રભાવિત થનારા ખેડુતોને ન્યાય મેળવવા માટે સમય મર્યાદા અવશ્ય નક્કી કરવી જોઈએ. ખેડુતોને ખેત ઉત્પાદનોના પોષણક્ષમ ભાવો અને પશુ પાલકોને દુધના યોગ્ય ભાવો મળવા જોઈએ મદદરૂપ થવું જોઈએ ખેડુતો કમોસમી વરસાદ દરમ્યાન ખેડુતોને મોટાપાયે નુકશાન સહન કરવાનો વારો આવતો હોય છે ત્યારે ખેડુતોને આર્થિક કમર તુટી જતી હોય છે ત્યારે ખેડુતોને સહાય કરવી જોઈએ. ખેડુતોની ગંભીર સમસ્યાઓ અને પ્રાણ પ્રશ્નોનો સત્વરે ઉકેલ લાવવા બાબતે ભારતીય કિસાન સંઘના હોદેદારો ધ્વારા ભિલોડા મામલતદાર કચેરીમાં રાજુભાઈ પટેલ નાયબ મામલતદારને આવેદનપત્ર અપાયું હતું.

ભિલોડા તાલુકા ભારતીય કિસાન સંઘના હોદેદારો, કાર્યકરો, જાગૃત ખેડુતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# મહેસાણા ખાતે આંબેડકરજીની ૧૨૫મી જન્મ જયંતિ ઉજવાશે

મહેસાણા, તા. ૧૧

બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિની મહેસાણા ખાતે ધામધૂમથી ઉજવણી થનાર છે. પ્રખર રાષ્ટ્રભક્તની ૧૨૫ જન્મ જયંતિ સરકારશ્રીના તમામ વિભાગો અને લોકોના સાથ સહકારથી સમગ્ર વર્ષ દરમિયાન ઉજવણી થનાર છે. જેમાં મહેસાણા જિલ્લામા ૧૪ એપ્રિલ ૨૦૧૫ના રોજ અનુસૂચિત જાતિ અને બક્ષીપંચના સરકારી કુમાર અને કન્યા છાત્રાલયના મકાનો આંબેડકર ભવન અને આદર્શ નિવાસી શાળાના મકાનોને રોશનીથી શણગારવામાં આવશે. જિલ્લામાં સરકારી તેમજ ગ્રાન્ટ ઈન એઈડના ધોરણે ચાલતા છાત્રાલયો, આશ્રમ શાળાઓમાં અભ્યાસ કરતા બાળકો દ્વારા પ્રભાત ફેરી અને ડૉ. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અપાશે. ડૉ. બાબા સાહેબ આંબેડકરના જીવન અને તેમના આદર્શોને આવરી લેતા વિષયો ઉપર નિબંધ હરિફાઈ અને વક્તૃત્વ સ્પર્ધાનું વિશાળ પાયા ઉપર આયોજન કરી બાળકોને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવનાર છે.

લોક સહકાર અને લોક સહયોગથી મહેસાણા શહેરમાં નગરયાત્રાનું આયોજન કરવામાં આવેલ છે. બાઈક રેલી યોજવામાં પણ આવનાર છે. નગરયાત્રામાં ભજનમંડળીઓ, બાઈકરેલી, સિનિયર સીટીઝન્સ, શહેરની નામાંકિત વ્યક્તિઓ, સરકાર પાંખ, સંગઠન પાંખ, સમાજ સેવકો સાથે જોડાવાન છે.

બાઈક રેલીનું પ્રસ્થાન સવારે ૮.૦૦ કલાકે સોમનાથ મંદિરથી થશે જે શહેરના રાજમાર્ગો પર ફરી ડૉ. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા પાસે સવારે ૧.૧૫ કલાકે પૂર્ણાહુતિ થશે. આ ઉપરાંત નગરયાત્રા સિદ્ધાર્થ સ્કૂલથી સવારે ૮.૩૦ કલાકે શરૂ થઈ ડૉ. બાબાસાહેબની પ્રતિમાએ પૂર્ણ થશે.

# ચૂંટણી પંચ દ્વારા ક્ષતિરહિત અને અદ્યતન મતદાર યાદી બનાવવા અનેકવિધ સુધારણા અમલી

મતદારયાદી સંબંધિત તમામ ઉણપોને દૂર કરીને ક્ષતિરહિત અને અધિકૃત્ત મતદાર યાદી તૈયાર કરવાના હેતુસર ભારતીય ચૂંટણી પંચે 'રાષ્ટ્રીય મતદાર યાદીની શુધ્ધતા અને અધિકૃત્તાતા યોજના' ગત તા.૦૨ માર્ચ૨૦૧૫થી અમલમાં મૂકી છે. આ યોજના અંતર્ગત ડીસા તાલુકામા આવતીકાલથી કામગીરી શરુ કરાશે

બનાસકાંઠાનાં ડીસામાં ચૂંટણી પંચ દ્વારા 'રાષ્ટ્રીય મતદાર યાદીની શુધ્ધતા અને અધિકૃત્તાતા યોજના' માં તા. ૧/૧/૨૦૧૫ની સ્થિતિએ મતદાર યાદીની સંક્ષિપ્ત સુધારણા કરવામાં આવી રહી છે.જેમાં આજરોજ ડીસા ની એસ.સી. ડબ્લ્યુ સ્કુલ ખાતે ડીસા મામલતદાર ગીલ્વા ની અધ્યક્ષતા એ બેઠક યોજાઈ જતી જેમાં રાજય ચુંટણી પાંચ નાં નિયમો અને સુચના મુજબ કામ કરવાની આ બેઠક માં હાજર અધિકારીગણ ને સુચના અપાઈ હતી, જેમાં આવતીકાલે રવિવારે આ કામગીરી નો ડીસા તાલુકા માં પ્રારંભ કરાશે મતદારે તેના ચૂંટણી ફોટો ઓળખકાર્ડના નંબર સાથે આધારકાર્ડના નંબરની નોંધણી માટે, ચૂંટણી પંચની વેબસાઈટ www.eci.nic.in પર લોગીન થઈ વિગતો આપવાની રહેશે. મતદાર યાદીમાં નોંધણી માટે ફોર્મ નં.૬, નામ રદ કરવા ફોર્મ નં.૭, સુધારણા માટે ફોર્મ નં.૮ ભરવાનું રહે છે. ફોર્મ્સ www.ceo.gujarat. gov.in પર ઓનલાઈન ભરી શકાશે. ૧૫ એપ્રિલ-૧૫ પછી સંબંધત કોઈપણ નિયત ફોર્મ મેળવી તેમા પૂરી વિગતો બુથ લેવલ ઓફિસરને પરત કરવાની રહેશે. ૧૬ એન્લિ થી ૧૫ જુન-૧૫ સુધી યોજાનાર સર્વે દરમિયાન બુથ લેવલ ઓફિસરો મતદારો પાસેથી વિગતો એકત્રિત કરશે,ચુંટણીપંચ દ્વારા મતદારયાદી સુધારણા કાર્યક્રમ અંતર્ગત ડીસા તાલુકામા મતદારો માટે ચુંટણીકાર્ડ તથા મતદારયાદીમાં કોઈ ફેરફાર, ક્ષતિઓ હોય તો સુધારણા માટે મામલતદાર કચેરી તેમજ જે તે ગામના બુથ લેવલ ઓફિસરની જે તે ગામે નિમણુંક આપવામા આવેલ છે.



ઉમરેઠ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. તરીકે ચાર્જ સંભાળ્યા બાદ પી.એસ.આઈ. જે.એન. ગઢવીએ સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત ઉમરેઠ શહેરના સોસાયટીના આગેવાનોની લોકજાગૃતિ મીટીંગ યોજવાનું શરૂ કર્યુ હતુ. જ્યાં તેઓએ આગેવાનોને બોલાવી સુરક્ષા અર્થે વિવિધ સમજ આપી હતી.

# ગુજરાત પોલીસમાં અશ્વદળનું ગૌરવભર્યું અને મહત્વપૂર્ણ સ્થાન છે : પી.સી. ઠાકુર

મહેસાણા, તા.૧૧

ગુજરાત પોલીસ દ્વારા આયોજીત ડી.જી.પી કપ તૃતીય પોલીસ અશ્વ સ્પર્ધાનો -રંભ રાજયના ગૃહમંત્રીશ્રી તેમજ પોલીસ મહાનિર્દેશનક પી. સી. ઠાકુર દ્વારા કરવામાં આવ્યો હતો. રાજય પોલીસ દ્વારા વર્ષે ૨૦૧૨ થી ડી.જી.પી. કપ ભાગ લીધો હદતી. ૨૦૧૩ માં ભાવનગર ખાતે દ્રીતીય અશ્વ સ્પર્ધામાં ૧૬૦ થી વધું ઘોડાઓ અને ૨૬૦ અશ્વ સવારોએ ભાગ લીધો હતો

મહેસાણા પોલીસ હેડક્વાટર્સમાં યોજાઈ રહેલ ચાર દિવસીય અશ્વ સ્પર્ધામાં ૧૫૩ થી





સ્પર્ધામાં અશ્વ હરિફાઈનો સમાવેશ કરવામાં આવ્યો હતો.૨૦૧૨માં અમદાવાદ ખાતે યોજાયેલ અશ્વ સ્પર્ધામાં ૧૫૦ થી વધું અશ્વઓએ વધું અશ્વઓ અને ૨૩૫ જેટલા અશ્વ સવારોએ ભાગ લીધો છે.આ ઉપરાંત અશ્વ સવારોને -ત્સાહિત કરવા માટે રાજયમાં ૧૧ જિલ્લામાં રાઈડીંગ કલ્બોની સ્થાપના પણ કરવામાં આવી છે. અશ્વ સ્પર્ધામાં ગુજરાત પોલીસ રાઈડીંગ કલ્બ,ગુજરાત કમિશ્નર ટીમ અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત તેમજ અમદાવાદ રેન્જ, રાજકોટ રેન્જ, વડોદરા રેન્જ, સુરત રેન્જ, બોર્ડર રેન્જ, જુનાગઢ રેન્જ, અને ગાંધીનગર રેન્જની ટીમે ભાગ લીધો હતો.

અશ્વ સ્પર્ધાનો -રંભ કરવાતા રાજયના ગૃહમંત્રીશ્રી રજનીકાન્ત પટેલે જણાવ્યું હતું કે અશ્વ અને ઘોડેસવારીનો ઈતિહાસ વીરતા તથા ગતિ અને શૌર્યની વિરાસત છે. અશ્વોના જતન સંવર્ધન તથા ધોડે સવારીને સમાજમાં -ત્સાહિત કરવાનો ગુજરાત સરકારનો નિર્ધાર વ્યકત કર્યો છે. અશ્વ ગતિ અને વીરતાનું -તિક છે સદીઓથી ગુજરાતના કાઠીયાવાડી અશ્વની જાતવાન -જાતિ વિશ્વ -સિધ્ધ છે. કાઠીયાવાડી અને મારવાડી અશ્વના સંવર્ધન અને જતન માટે રાજય સરકાર કટિબધ્ધ છે. મંત્રીશ્રીએ રાણા -તાપનો ઐતિહાસિક અશ્વ ચેતકની અને સ્વામીનારાણી માણકી ઘોડીની સ્વામિભક્તિ અને પરાક્રમ કથાનું વર્ણન કરી ઈતિહાસમાં યુધ્ધો અને વીર પુરૂષોની સાથે અશ્વનો શૌર્યવીરતાનો ઈતિહાસમાં પણ -સિધ્ધ છે એમ તમેણે જણાવ્યું હતું. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે અશ્વો વફાદારી અને સમજદારીનું -તિક છે.

# ખેત ઉત્પન્નના વેચાણમાં ખેડૂતો લૂંટાય છે અને સરકાર કૃષિ મહોત્સવ ઉજવે છે

હિંમતનગર, તા. ૧૧

ગુજરાત રાજયમાં ખેત ઉત્પન્નના વેચાણમાં ચાલુ વર્ષે કિસાનો માટે કમનસીબી રહ્યુ છે. શરૂઆતમાં કપાસના ભાવ રૂ. ૧૨૦૦માંથી સીધા ૮૦૦ રૂપીયાના ભાવે કપાસ ખરીદાયો જેમાં દર વીસ કિલોએ કિસાનોને રૂ. ૪૦૦નું નુકશાન વેઠવું પડ્યું છે. કપાસનું પોષણક્ષમ ભાવ મળે તે માટે કિસાનોની વારંવારની માગણીઓ નિષ્ફળતામાં પરીણમી હતી. ત્યાર પછી બહારનું વેચાણ શરૂ થયુ ત્યારે બટાટાના ભાવો ગગડી તળીએ બેસી ગયા. મોટા ભાગના કિસાનોએ બટાટાની ઉત્પન્ન કોલ્ડ સ્ટોરેજમાં ભરવી પડી છે. કોલ્ડસ્ટોરેજ વાળાઓએ પણ ભાડા બમણા કરી નાખ્યા છે. ઘઉ પકવી વિચાર માટે બજાર સમિતિઓમાં આવ્યા ત્યારે બજાર સમિતિઓના વેપારીઓના ગઢબંધનથી ઘઉંના ભાવો પણ તળીએ બેસી ગયા. રાજ્યની જુદી જુદી બજાર સમિતિઓમાં ઘઉંના વેચાણ ભાવ અંગે રોજે રોજ ઓહાપો થાય છે. દરેક બજાર સમિતિઓમાં સરકારે બાંધેલા ભાવે ઘઉ ખરીદવાની વ્યવસ્થા ગોઠવવી જોઈએ તે ગોઠવી શકાઈ નથી. જેનો વેપારીઓ ઘેર લાભ લઈ ખેડૂતોને આડેધડ લુંટી રહ્યા છે.

ખેડૂતો ત્રાહિમામ પોકારી ગયા છે. ક્યાંક ક્યાંક તો બજાર સમિતિઓમાં વેચવા આવેલા ઘઉં પાછા લઈ જવા ખેડૂતોને ભાડા ચુકવ્યા છે. આમ એક બાજુ ખેત ઉત્પન્નના વેચાણમાં ખેડૂતો આડેધડ લુંટાઈ રહ્યા છે. તેને રક્ષણ આપવા રાજ્ય સરકારે કોઈ પગલા લીધાં નથી. ત્યારે રાજય સરકાર રાજયના જિલ્લાઓમાં કૃષિ મહોત્સવ ઉજવવાની વિતરણમાં છે અને કિસાનો ખેત ઉત્પન્નની ચીજો વેચવામાં ત્રસ્ત છે. દરેક જિલ્લામાં કલેક્ટરથી માંડી તલાટી સુધી સરકારના તમામ ખાતાના સ્ટાફને કૃષિ મહોત્સવની ઉજવણીમાં જોતરી દીધો છે. કૃષિ મહોત્સવમાં સેમિનારો થશે, મિટીંગો થશે, શિબિરો થશે જેમાં ટપક પદ્ધતિનું માર્ગદર્શન અપાશે. રસાયણિક ખાતર ઓછુ વાપરવા સલાહ અપાશે. પ્રમાણિક બિયારણ વાપરવા સલાહ અપાશે પણ કૃષિ ઉત્પન્નના પોષણક્ષમ ભાવોની વ્યવસ્થા અંગે કોઈ પગલા લેવાશે નહિ. આમ કૃષિ મહોત્સવ વાતોના વડાથી કિસાનોનું પેટ ભરવા કોશિષ થશે.

પૂર્વ ધારાસભ્ય અને સાબરકાંઠા જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ અંબાલાલ ઉપાધ્યાયે કરેલા નિવેદનમાં વધુમાં કહ્યું છે કે સરકાર જ્યાં સુધી ઘઉંના ટેકાના ભાવે દરેક બજાર સમિતિઓમાં વ્યવસ્થા ન ગોઠવે તો કૃષિ મહોત્સવે કિસાનોએ બહિષ્કાર કરવો જોઈએ. ખેડૂતોને કુદરતે માવઠાથી અને વાવાઝોડાથી નુકશાન કર્યુ છે તો બીજી બાજુ સરકાર પણ ખેડૂતોના પ્રશ્ને સરેઆમ ઉપેક્ષા કરી હાથ ઉંચા કરી નાખ્યા છે. ચાલુ વર્ષે કિસાનો માટે આર્થિક રીતે મોટા ફટકા રૂપ બની છે.


ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ,
એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮,
કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦



આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD
Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧